# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Monday** **National News**

**આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.**

************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત શપથગ્રહણ કર્યા....નવા મંત્રીમંડળના સભ્યોએ પણ લીધા શપથ...
- ✓ ગુજરાતમાંથી અમિત શાહ, ડો. એસ જયશંકર, સી. આર. પાટીલ, ડૉ. મનસુખ માંડવિયા અને નિમુબેન બાંભણિયા સહિત 6 નો મંત્રીમંડળમાં સમાવેશ..
- ✓ નવી સરકારની મંત્રીમંડળની પહેલી બેઠક આજે દિલ્હી ખાતે યોજાય તેવી શક્યતા..
- ✓ જમ્મુ કાશ્મીર તીર્થયાત્રીઓને લઈ જતી બસ પર થયેલા આતંકી હૂમલામાં નવના મોત 33 ઇજાગ્રસ્ત
- ✓ 5.. ન્યૂ યૉર્ક ખાતે રમાયેલી ટી-20 વિશ્વકપની રોમાંચક મેચમાં ભારતે પાકિસ્તાનને છ રને પરાજય આપી વિજયકૂચ જાળવી રાખી.....
- ✓

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SWOREN IN CEREMONY

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં નવા મંત્રી પરિષદના સભ્યો સાથે શ્રી મોદીને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથ ગ્રહણ સમારોહ દરમિયાન, 30 કેબિનેટ મંત્રીઓ, સ્વતંત્ર હવાલો ધરાવતા પાંચ રાજ્ય મંત્રીઓ અને 36 રાજ્ય મંત્રીઓએ શપથ લીધા હતા. ભાજપના વરિષ્ઠ નેતાઓ રાજનાથસિંહ, અમિત શાહ, નીતિન ગડકરી, ડૉ. એસ. જયશંકર, પીયૂષ ગોયલ, ધર્મેન્દ્ર પ્રધાન, નિર્મલા સીતારમણ અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા. ગુજરાતના ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટિલને પણ કેબિનેટમાં સ્થાન મળ્યું છે.

બાઇટ શ્રી નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

શ્રી રાજનાથસિંહ, કેબિનટ મંત્રી

શ્રી અમિત શાહ, કેબિનેટ મંત્રી

શ્રી નિતીન ગડકરી કેબિનેટ મંત્રી

ભાજપના વરિષ્ઠ નેતાઓ કિરેન રિજીયુ, પ્રહલાદ જોશી, ગિરિરાજ સિંહ, અશ્વિની વૈષ્ણવ, જ્યોતિરાદિત્ય સિંધિયા, ભૂપેન્દ્ર યાદવ, ગજેન્દ્ર સિંહ શેખાવત, અન્નપૂર્ણા દેવી, હરદીપ સિંહ પુરી, ડૉ.મનસુખ માંડવિયા, જી કિશન રેડ્ડી, સીઆર પાટીલ, ડૉ. વીરેન્દ્ર કુમાર અને જુઅલ ઓરામ પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા.પૂર્વ મુખ્યમંત્રીઓ શિવરાજ સિંહ ચૌહાણ, મનોહર લાલ અને સર્બાનંદ સોનોવાલને પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લેવડાવ્યા હતા.

.......2.......

આ ઉપરાંત કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને જેડી(એસ)ના સાંસદ એચ.ડી. કુમારસ્વામી, બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને HAM પાર્ટીના વડા જીતેન રામ માંઝી, JD(U)ના સાંસદ રાજીવ રંજન સિંહ, TDP સાંસદ કિંજરાપુ રામ મોહન નાયડુ અને LJP રામવિલાસના વડા ચિરાગ પાસવાન, કેબિનેટ મંત્રીઓ તરીકે શપથ લેનારા અન્ય લોકોમાં સામેલ હતા.

ભાજપના નેતાઓ રાવ ઈન્દ્રજીત સિંહ, ડૉ. જિતેન્દ્ર સિંહ અને અર્જુન રામ મેઘવાલ તેમજ શિવસેનાના પ્રતાપરાવ જાધવ અને RLD ચીફ જયંત ચૌધરીએ સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીઓ  તરીકે શપથ લીધા.  શપથ ગ્રહણ સમારોહ દરમિયાન 36 રાજ્ય મંત્રીઓએ પણ શપથ લીધા હતા. તેમાં ભાજપના સાંસદો જિતિન પ્રસાદ, શ્રીપદ યેસો નાઈક, પંકજ ચૌધરી, નિત્યાનંદ રાય, ક્રિષ્ન પાલ, વી સોમન્ના, એસ પી સિંહ બઘેલ, શોભા કરંદલાજે અને સુરેશ ગોપીનો સમાવેશ થાય છે. જ્યારે ગુજરાતના ભાવનગરના નિમુબેન બાંભણિયાએ પણ રાજ્યકક્ષાના મંત્રી તરીકે સોગંદ લીધા હતા.

રક્ષા ખડસે, અજ્યા ટમ્ટા, બંડી સંજય કુમાર, કમલેશ પાસવાન, હર્ષ મલ્હોત્રા, સતીશ દુબે અને રવનીત સિંગબિટ્ટુ તેમજ આરપીઆઈના રામદાસ આઠવલે, જેડી(યુ)ના રમંથ ઠાકુર, અપના દળ(એસ)ના અનુપ્રિયા પટેલ અને ટીડીપીના ડૉ. ચંદ્રશેખરે પણ શપથ ગ્રહણ કર્યા હતા  શપથ ગ્રહણ સમારોહમાં પડોશી દેશો અને હિંદ મહાસાગર ક્ષેત્રના અનેક નેતાઓએ હાજરી આપી હતી.

.......3.......

શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, માલદીવના રાષ્ટ્રપતિ ડૉ.મોહમ્મદ મુઈઝુ, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહેમદ અફીફ, બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના, મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ કુમાર જુગનાથ, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' અને પ્રધાનમંત્રી ડો. ભૂટાનના મંત્રી શેરિંગ તોબગેએ પણ સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, ભારતના મુખ્ય ન્યાયાધીશ ડૉ. ડી.વાય. ચંદ્રચૂડ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને વિવિધ રાજ્યોનામુખ્ય મુખ્યમંત્રીઓ પણ આ પ્રસંગે હાજર હતા.

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે રાત્રે રાષ્ટ્રપતિ ભવનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેનારા પાડોશી દેશોના નેતાઓના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. ભોજન સમારંભમાં ભાગ લેનારા નેતાઓમાં શ્રીલંકાના અને માલદીવના રાષ્ટ્રપતિ, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ, બાંગ્લાદેશના પ્રધાનમંત્રી, મોરેશિયસના પ્રધાનમંત્રી, નેપાળના પ્રધાનમંત્રી અને ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગે પણ ઉપસ્થિત રહ્યાં હતા..

નેતાઓને આવકારતા, રાષ્ટ્રપતિએ નવી સરકારના શપથ ગ્રહણ સમારોહના આમંત્રણનો સ્વીકાર કરવા અને લોકશાહીની આ ઉજવણીમાં જોડાવા બદલ તેમનો આભાર માન્યો હતો.

# INDUSTRY BODY

ઔદ્યોગિક માળખા એવા FICCI અને ASSOCHAM એ નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લેવા બદલ અભિનંદન પાઠવ્યા છે. FICCIએ કહ્યું કે કેન્દ્રમાં સ્થિર સરકાર આર્થિક લેન્ડસ્કેપને વધુ મજબૂત બનાવશે. FICCIના પ્રમુખ ડૉ. અનીશ શાહે જણાવ્યું હતું કે FICCI પ્રગતિશીલ નીતિઓ અને પગલાંની રાહ જુએ છે જે આર્થિક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપશે અને 'વિકસીત ભારત' માટે મજબૂત પાયો બનાવશે.

એસોચેમના પ્રમુખ સંજય નાયરે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના રાષ્ટ્રીય સંકલ્પને ફરીથી બળપુરૂ પાડ્યુ છે. તેમણે કહ્યું કે, નવી ઇનિંગ્સની શરૂઆત સાથે ઉદ્યોગ, વેપાર અને નાણાકીય બજારોની સમગ્ર ઇકોસિસ્ટમ ફરીથી પ્રોત્સાહિત થઈ ગઈ છે.

# CABINET MEETING

નવી કેન્દ્રીય કેબિનેટની પ્રથમ બેઠક આજે મળે તેવી શક્યતા છે. સાંજે બેઠક યોજાય તેવી શક્યતા છે. ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નવા મંત્રી પરિષદે શપથ લીધાહતા.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

# ODISSA OBSERVATOR

ઓડિશામાં વિધાન સભ્યપક્ષના નેતાની પસંદગી કરવા માટે ભાજપે કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ અને ભૂપેન્દ્ર યાદવને તેના કેન્દ્રીય નિરીક્ષકો તરીકે નિયુક્ત કર્યા છે. ભાજપે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે તેના સંસદીય બોર્ડે રાજ્યમાં ધારાસભ્ય દળના નેતાની ચૂંટણીની દેખરેખ માટે આ બે નેતાઓની પસંદગી કરી છે.

ઓડિશામાં ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે.. જ્યારે બુધવારે નવી સરકારની શપથવિધિ થાય તેવી તૈયારીઓ ચાલી રહી છે.. જોકે તે અગાઉ ઓડિશાના મુખ્યમંત્રીના નામની પસંદગી કરવામાં આવશે.

# J& K TERROR ATTACK

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લાના ટેર્યાથ ગામ પાસે ગઈકાલે સાંજે આતંકી હુમલો થયો હતો. તીર્થયાત્રીઓને લઇ જતી બસ પર ગોળિબાર કરવામાં આવ્યો હતો. ગોળિબારમાં ડ્રાયવરને ગોળી વાગતા તેણે બસ પરનો કાબૂ ગુમાવી દેતા બસ ખીણમાં ખાબકી હતી. જેમાં ૭ યાત્રાળુઓના મોત થયા હતા અને ૩૩ અન્ય ઘાયલ થયા હતા. તીર્થયાત્રીઓને લઇ જતી બસ શિવ ખોરી ગુફા મંદિરથી કટરા પરત ફરી રહી હતી. રિયાસીના એસએસપી મોહિતા શર્માએ જણાવ્યું કે, ડ્રાઇવરને ગોળી વાગી હતી અને તેણે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. ઘાયલોને ટેરિયાથ, રિયાસી અને જમ્મુની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે હુમલાની ટીકા કરી છે. તેણે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર અને ડીજીપી સાથે વાત કરી અને ઘટના વિશે માહિતી મેળવી હતી. શ્રી શાહે જણાવ્યું હતું કે, આ ઘાતકી હુમલાના ગુનેગારોને છોડવામાં આવશે નહીં.. કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે તીર્થયાત્રીઓ પરના હુમલાને અત્યંત નિંદનીય ગણાવ્યો હતો. તેમણે ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી.

# T-20 WORLD CUP

ટી-20 વિશ્વકપમાં ભારતે પાકિસ્તાનને છ રને પરાજય આપીને પોતાની વિજયકૂચ યથાવત રાખી હતી.. ગતરાત્રે ન્યુયોર્કના નાસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ટી-20 વર્લ્ડ કપ ક્રિકેટમાં ટીમ ઇન્ડિયાએ કટ્ટર હરીફ પાકિસ્તાનને પરાસ્ત કર્યું હતું...જસપ્રિત બુમરાહની ધારદાર બોલિંગે પાકિસ્તાનની ટીમને ઘૂંટણીએ પાડી દીધી હતી..

પ્રથમ બેટિંગ કરતા, ભારતે 19 ઓવરમાં કુલ 119 રન બનાવ્યા હતા, રિષભ પંતે 31 બોલમાં 42 રન અને અક્ષર પટેલે 18 બોલમાં 20 રનની મદદથી ભારત સોનો આંકડો પાર કરી શક્યુ હતું.. પાકિસ્તાન તરફથી હરિસ રઉફ અને નસીમ શાહે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી જ્યારે મોહમ્મદ આમીરે બે વિકેટ ઝડપી હતી. 120 રનના ટાર્ગેટનો પીછો કરતી પાકિસ્તાનની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 113 રન જ બનાવી શક્યું હતું.

પાકિસ્તાનને છેલ્લી બે ઓવરમાં 21 રનની જરૂર હતી. જોકે, બુમરાહે 19મી ઓવરમાં માત્ર ત્રણ રન આપ્યા હતા, જ્યારે અર્શદીપ સિંહે પાકિસ્તાનના બેટ્સમેનોને અંતિમ ઓવરમાં માત્ર 12 રન સુધી જ રોક્યા હતા. બુમરાહે તેના જાદુઈ સ્પેલ સાથે તેની ચાર ઓવરમાં માત્ર 14 રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. હાર્દિક પંડ્યાએ બે જ્યારે અક્ષર પટેલ અને અર્શદીપ સિંહે એક-એક વિકેટ લીધી હતી. બુમરાહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. .

# TENNIS INDIA

ટેનિસમાં, ભારતના સુમિત નાગલે ગઈકાલે જર્મનીમાં હેઇલબ્રોન નેકરકપ ચેલેન્જર ટાઇટલ જીતી લીધું છે.તેણે મેન્સ સિંગલ્સના ટાઈટલ મુકાબલામાં સ્વિટ્ઝર્લેન્ડના એલેક્ઝાન્ડર રિટ્સાર્ડને 6-1, 6-7,6-3થી હરાવ્યો હતો. આ તેનું 6મું ATP ચેલેન્જર ટાઈટલ છે.

આ જીત સાથે, સુમિત આગામી પેરિસ ઓલિમ્પિક માટે વર્ચ્યુઅલ રીતે ક્વોલિફાય થઈ ગયો. તેણે લાઈવ એટીપી રેન્કિંગમાં 77નું  વિશ્વ રેન્કિંગ પણ હાંસલ કર્યું.

# SKM SWORN IN

સિક્કિમ ક્રાંતિકારી મોરચાના નેતા પ્રેમસિંહ તમાંગ આજે સિક્કિમના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ગંગટોકના પાલજોર સ્ટેડિયમમાં સાંજે 4 વાગ્યે શપથ ગ્રહણ સમારોહ યોજાશે. રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્ય શ્રી તમાંગ અને તેમના મંત્રીમંડળને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે. શ્રી તમાંગ બીજી ટર્મ માટે શપથ લેશે. SKM એ વિધાનસભાની 32 માંથી 31 બેઠકો જીતીને ભારે બહુમતી સાથે સત્તા જાળવી રાખી છે.. સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટે માત્ર એક સીટ મેળવી હતી, તેના પ્રમુખ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી પવન ચામલિંગને બે બેઠકો પર હાર મળી હતી.